An AIChE Technology Alliance
CCPS
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

# વ્યવસાયિક સુરક્ષાને ભુલી જશો નહીં !

માર્ચ - ૨૦૧૪

## એક અકસ્માત

એક બેકન વાંચનારે હમણાં એક અકસ્માતનુ વિવરણ એમ વિચારીને મોકલ્યુ કે તે કદાચ બેકન માટે સારો વિષય બની શકે છે. એક કારખાનામાં ઘરેણાં પહેરવા ઉપર સુરક્ષા નિયમ અનુસાર પ્રતિબંધ હતો. એક કામદાર આમ છતાં, આંગણીમાં વીંટી પહેરીને કામ કરતો હતો. તે ટ્રકની બહાર નીકળતો હતો ત્યાં તેની વીંટી કશાકમાં ફસાઈ ગઈ અને જેથી તેની છેલ્લી આંગળીને નુકશાન થયુ.

ઈજા ખુબ ગંભીર થઈ અને જેણે કામદારની બાકી જીંદગી ઉપર અસર કરી, આ અકસ્માત બેકનમાં સામાન્ય રીતે ચર્ચા કરવામાં આવતા પ્રક્રિયા અકસ્માત જેવો નથી. પરંતુ આ અકસ્માત આપણને યાદ અપાવે છે કે આપણે સુરક્ષાના બધાં જ ભાગો ઉપર ધ્યાન આપવુ જોઈએ. જેમાં પ્રક્રિયા સુરક્ષા અને વ્યવસાયિક સુરક્ષા પણ સામેલ છે. માણસો ઊંચાઈએથી પડે છે, દાદર ઉપરથી પડે છે, ધારદાર વસ્તુઓથી પોતાને વગાડે છે અથવા પડતી વસ્તુઓથી ભટકાય છે અને આવા બીજા ઘણી જાતના અકસ્માતો જેને કારખાનામાં આવેલી પ્રક્રિયા તકનીકી સાથે કોઈ સંબંધ નથી. આ બધા વ્યક્તિઓને પ્રક્રિયા સાથે સંકળાયેલા અકસ્માત જેટલુ જ વાગ્યું અને ઈજાઓ થઈ હતી.

બેકન, પ્રક્રિયા સાથે સંકળાયેલા અકસ્માતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે પરંતુ વ્યવસાયીક સુરક્ષાની મહત્વતાને ભુલતુ નથી. સુરક્ષિત કામની જગ્યા માટે, આપણે પ્રક્રિયા અને વ્યવસાયીક એમ બંને પ્રકારની સુરક્ષા ઉપર અસરકારક અમલીકરણ કરવું જરૂરી છે.

ઉપર જણાવેલ અકસ્માત વિશે ચિત્ર મોટેભાગે સામ્યતા ધરાવે છે. ચાર વર્ષ પહેલાં ફિલ્મ બનાવતી વખતે અકસ્માતમાં પોતાનો અંગુઠો અને આંગળીનો ભાગ ગુમાવ્યા હતા છતાં હેરોલ્ડ લોયડે આ કલાત્મક ફિલ્મમાં મોટાભાગના જોખમકારખ દ્રશ્યો જાતે કર્યા હતા.



હેરોલ્ડ લોયડ લોસ એન્જલસના રસ્તા ઉપર લટકી રહ્યો છે આ પ્રખ્યાત દ્રશ્ય, ૧૯૨૩ ની કલાત્મક હાસ્યરસીક મુંગી ફિલ્મ "સુરક્ષા છેલ્લે"માંથી લીધેલ છે.

## શું તમે જાણો છો ?

➔ વ્યવસાયિક સુરક્ષા - કામ કરવાની પદ્ધતિ દ્વારા અકસ્માત નિવારણ ઉપર ધ્યાન કેન્િત કરે છે જેનાથી પોતાને ઈજા થવાનો ખતરો ઓછામાં ઓછો થાય.

➔ પ્રક્રિયા સુરક્ષા - આગ, ધડાકો, જોખમી પદાર્થોનુ ફેલાવુ અને ઉત્પાદન પ્રક્રિયા સાથે સંકળાયેલા બીજા સંભવિત મોટા રાસાયણિક અને ભૌતિક અકસ્માતોને રોકવા અને બચાવ ઉપર ધ્યાન કેન્િત કરે છે.

➔ પ્રક્રિયા સુરક્ષા અકસ્માતોથી ઘણી વ્યક્તિઓ તથા પ્રકૃતિ અને અકસ્માયકો ઉપર મોટા પ્રમાણમાં અસર કે નુકશાન થવાની સંભાવના રહેલી છે ખુબ મોટો પ્રક્રિયા સુરક્ષા અકસ્માત તમારા કારખાનાની બહાર આજુબાજુની વસ્તીને પણ નુકશાન પહોચાડી શકે છે.

➔ કેટલાંક અકસ્માતોમાં વ્યવસાયીક અને પ્રક્રિયા સુરક્ષા બંનેના ગુણધર્મો હોય છે. દા.ત. ગરમ જ્વલનશીલ પ્રવાહી ની પાઈપ ખોલવાના કામથી પાઈપ ફીટરને ઈજા થઈ શકે છે આ પદાર્થની અસર થવાથી અને આગ તથા ધડાકાના અકસ્માતમાં પરીણામી શકે છે.

## તમે શું કરી શકો ?

➔ સુરક્ષિત કાર્યસ્થળ માટે તમારાં કારખાનાનાં બધાં જ લોકો પ્રક્રિયા અને વ્યાવસાયિક સુરક્ષા ઉપર ધ્યાન આપે તે જરૂરી છે એ ભુલશો નહીં.

➔ સુરક્ષા સંસ્કૃતિ અને અભિગમ, સંયમિતતાનો ઉપયોગ, સુરક્ષિત કાર્ય પદ્ધતિ અને સારી સુરક્ષાના કાર્યક્રમ અંતર્ગત બીજા પાસાઓ, પ્રક્રિયા અને વ્યવાસાયિક સુરક્ષા બંને માટે અગત્યાના છે  તેને ઓળખો.

➔ તમારા કારખાનાની પ્રક્રિયા સુરક્ષા અને વ્યાવસાયિક સુરક્ષાના કાર્યક્રમને અને તેને સફળ બનાવવા તમારા પ્રયત્નોને સમજો.

➔ તમારા કારખાનામાં સુરક્ષાની બધી જ પ્રવૃત્તિમાં ભાગ લો અને તમારાં સાથીદારોને પણ તેમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરો.

**વ્યાવસાયીક સુરક્ષા અને પ્રક્રિયા સુરક્ષા તમારે -બંનેની જરૂર છે !**

AIChE © 2014. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.